<u>વેચાણ દસ્તાવેજ</u>

<u>અવેજ ₹૦૦,૦૦,૦૦૦/- પુરાનો...</u>

તારીખઃ- ૦૦/૦૦/૦૦૦ નાં અંગ્રેજી દિને...

<u>આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર તે ખરીદનાર યાને પ્રથમ પક્ષના :</u>

(૧) શ્રીમતી (P. A. No.)
ઉ.આ.વ.ઃ- , જાતનાંઃ- હિન્દુ, ધંધોઃ- વેપાર
(૨) શ્રી (P. A. No.)
ઉ.આ.વ.ઃ- , જાતનાંઃ- હિન્દુ, ધંધોઃ- વેપાર
રહેવાસીઃ-

RERA NO:-

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

((જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **ખરીદનાર** અગર **તમો** અગર **તમો પહેલા પક્ષનાં** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ રાખનાર તથા તેઓનાં વંશ, વાલી, વારસો, સકસેસર્સ, સરવાઇવર્સ, ટ્રાન્સફરીઝ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એટોર્નીઝ ઇત્ત્યાદી તમામનો સમાવેશ થાય છે.))

જોગ લી...

આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર તે વેચનાર યાને બીજા પક્ષનાં :

એસ.એસ.એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીનાં વહીવટકર્તા ભાગીદાર તરીકે **(P. A. No. ADVFS 3484 J)**

શ્રી વિવેક અરવિંદભાઇ ચોડવડીયા
ઉ.આ.વ.:- ૨૩, જાતના:- હિન્દુ, ધંધો:- વેપાર
રહેવાસી :- બી/૧૧૦૧, સૌદર્ય પેલેસ, મોટા વરાછા, સુરત.

((જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **વેચનાર** અગર **અમો** અગર **અમો બીજા પક્ષનાં** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ આપનાર તથા તેઓનાં વંશ, વાલી, વારસો, સકસેસર્સ, સરવાઇવર્સ, ટ્રાન્સફરીઝ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટેટર્સ, એટોર્નીઝ ઇત્ત્યાદી તમામનો સમાવેશ થાય છે.))

જતઆ વેચાણ દસ્તાવેજથી હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને લખી આપી જણાવીએ છીએ કે...

સુરત ડીસ્ટ્રીકટ, સીટી (અડાજણ) સબ-ડીસ્ટ્રીકટ, **મોજે મોટા વરાછાનાં** રેવન્યુ સર્વે નંબર ૩૦૨,૩૦૩ તથા ૩૦૮ નાં **બ્લોક નંબર ૨૭૩** વાળી ૨૦૨૩૨ ચો.મી. જમીન જેને લાગુ **ટી.પી.સ્કીમ નંબર ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ)** નાં **ફાઇનલ પ્લોટ નંબર ૧૩૦** થી નોંધાયેલ ૧૩૧૪૬ ચો.મી. વાળી જમીન પૈકી **સબ-પ્લોટ નંબર ૨** વાળી રહેણાંક હેતુની બીનખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ ૩૦૬૩.૩૬ ચો.મી.માં બાંધવામાં આવેલ **"સૌદર્ય સ્કાય"** નામની ઇમારતો પૈકી નીચે શિડયુલ માં વિસ્તૃત રીતે જણાવેલ મિલ્કત તમોને **₹** ૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પુરાનાં અવેજ બદલ વેચાણ આપી કબજો સુપ્રત કરેલ છે. અવેજના નાણાં હમોને હિસાબ ચુકતે પુરેપુરા મળી ગયેલ છે

સદરહુ મિલ્કતનો વેચાણ સાટાખત તમોને કરી આપેલ જે અંગેનો રજીસ્ટર સાટાખત મે. સુરતનાં (કતારગામ) સબ-રજી. સાહેબની કચેરીમાં **અનુક્રમ નંબર ...., તા............** થી નોંધાયેલ છે.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

જત તમોને વેચાણ આપેલ નીચે શિડયુલમાં વિસ્તૃત રીતે જણાવેલ મિલ્કતનાં ટાઇટલ સંબધી વિગત એવી છે કે...

મોજે ગામ મોટા વરાછાનાં રે.સ.નંબર ૩૦૩, ૩૦૩ વાળી જમીનનાં મુળ માલીક તરીકે મોંઘાભાઇ ભીમભાઇનાં નામે ચાલી આવેલ તથા રે.સ.નંબર ૩૦૮ વાળી જમીનનાં માલીક તરીકે (૧) કાળીદાસ ભીમભાઇ, (૨) છોટુભાઇ ભીમભાઇ તથા (૩) ગંગાબેન ભીમભાઇ તે મકનજીભાઇની ધણીયાણીનાં નામે ચાલી આવેલ ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો પૈકી ગંગાબેન ભીમભાઇએ પોતાનો હક્ક-હિસ્સો રાજીખુશીથી અન્ય માલીકોની તરફેણમાં ઉઠાવી લીધેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૭૮૨, તા. ૦૭/૧૦/૧૯૬૩નાં રોજ થયેલી જે નોંધ તા.૨૧/૦૬/૧૯૬૪ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ રે.સ.નંબર ૩૦૮ વાળી જમીન તેમના માલીક કાળીદાસ ભીમભાઇ તથા છોતુભાઇ ભીમભાઇ પાસેથી મોંઘાભાઇ ભીમભાઇએ તા.૨૯/૦૪/૧૯૬૫ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૯૬, તા. ૨૨/૦૭/૧૯૬૬ નાં રોજ થયેલી જે નોંધ તા. ૧૧/૦૪/૧૯૬૭ નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ ગામે એકત્રીકરણ યોજના લાગુ પડતા રે.સ.નંબર ૩૦૨, ૩૦૩ તથા ૩૦૮ વાળી જમીનને બ્લોક નંબર ૨૭૩ ફાળવવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૨૪૧૩ નાં રોજ થયેલ છે

ત્યારબાદ મોટાવરાછાને ચોર્યાસી તાલુકામાંથી નીકાલ કરવા કલેકટર સાહેબશ્રી સુરતનાં પત્રનંબર (જે)બખ/ તપસ/ વશી/ ૪૮૯૭/ ૨૦૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ તથા શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં જાહેરનામા નંબર કેવી/ ૨૬/ ૨૦૦૬/ એસએમએન/ ૯૦૨૦૦૬/ ૪૧૦/પી, તા.૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામા નંબર કેવી/ ૨૧૨/ ૨૦૦૬/ એસએમએન/ ૯૦૨૦૦૬/ ૪૧૦/ પી, તા.૨૦/૦૭/૨૦૦૬થી સદરહુ ગામનો નીકાલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૫૬૯૧, તા.૨૨/૧૨/૨૦૦૬ નાં રોજ થયેલ જે નોંધ તા.૨૨/૧૨/૨૦૦૬નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ મોટાવરાછા ને ચોર્યાસી તાલુકામાંથી નીકાલ કરી સુરત શહેરમાં સમાવિષ્ટ કરવા કલેકટર સાહેબશ્રી સુરતનાં પત્રનંબર (જે)બખ/ તપસ/ વશી/ ૪૮૯૭/ ૨૦૦૬, તા.૧૯/૧૦/૨૦૦૬ તથા શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં જાહેરનામા નંબર કેવી/૨૧૨/ ૨૦૦૬/ એસએમએન/ ૯૦૨૦૦૬/ ૪૧૦/પી, તા.૨૦/૦૭/૨૦૦૬ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૫૬૯૨, તા.૨૨/૧૨/૨૦૦૬ નાં રોજ થયેલ જે નોંધ તા.૨૬/૧૨/૨૦૦૬નાં રોજ પ્રમાણીત થયેલ છે ત્યારબાદ સદરહુ જમીનને ટી.પી.સ્કીમ નંબર ૨૪ (મોટાવરાછા-ઉત્રાણ) લાગુ પડતા બ્લોક નંબર ૨૭૩ વાળી જમીનને ફાઇનલ પ્લોટ નંબર ૧૩૦ ફાળવવામાં આવેલ તથા તેનું ક્ષેત્રફળ ૧૩૧૪૬ ચોરસ મીટર કાયમ કરવામાં આવેલ.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીક મોંઘાભાઇ ભીમભાઇએ તા.૨૦/૦૭/૨૦૦૭નાં રોજ કરેલ સામાચીકપણાનાં કરારથી (૧) વિજયભાઇ મોંઘાભાઇ દેસાઇ, (૨) કૌશીકાબેન વિજયભાઇ દેસાઇ તથા (૩) કેયુરભાઇ વિજયભાઇ દેસાઇનાં નામો સામાચીકપણામાં દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૫૯૧૧, તા.૦૧/૦૮/૨૦૦૭નાં રોજ થયેલ જે નોંધ તા.૦૩/૦૫/૨૦૦૮નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો પૈકી મોંઘાભાઇ ભીમભાઇનું તા.૨૨/૦૨/૨૦૧૩નાં રોજ અવસાન થતા તેમણે તેમની હયાતીમાં તા.૦૩/૦૧/૨૦૧૩નાં રોજ કરેલ વીલની રૂએ સદર જમીન વિપુલભાઇ મોંઘાભાઇને આપવા ઠારવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૨૯૮, તા.૨૭/૧૧/૨૦૧૪ નાં રોજ થયેલ જે નોંધ તા.૨૯/૦૧/૨૦૧૫નાં રોજ નામંજુર કરેલ.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો પૈકી મોંઘાભાઇ ભીમભાઇનું તા.૨૨/૦૨/૨૦૧૩નાં રોજ અવસાન થયેલ જેથી તેમની સીધીલીટીનાં વારસોમાં લીલાવતીબેન મોંઘાભાઇ ભીમભાઇની વિધવાનુ તા.૨૨/૧૧/૧૯૯૬ નાં રોજ અવસાન થયેલ હોઇ જેથી તેમની સીધીલીટીનાં વારસો તરીકે (૧) ગીતાબેન મોંઘાભાઇ, (૨) સુધાબેન મોંઘાભાઇ, (૩) શીલાબેન મોંઘાભાઇ, (૪) વિજયભાઇ મોંઘાભાઇનાં નામો વારસઇ હક્કે દાખલ કરવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૭૩૪, તા.૨૩/૧૦/૨૦૧૫નાં રોજ થયેલ જે નોંધ તા.૧૫/૧૨/૨૦૧૫નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો પૈકી (૧) ગીતાબેન મોંઘાભાઇ, (૨) સુધાબેન મોંઘાભાઇ તથા (૩) શીલાબેન મોંઘાભાઇએ પોતાનો હક્ક-હિસ્સો કૌશિકાબેન વિજયભાઇની તરફેણમાં જતો કરેલ જે અંગેનો હક્ક રીલીઝ દસ્તાવેજ મે. સુરતનાં સબ-રજી સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નંબર ૬૦૦૦, તા.૧૪/૧૨/૨૦૦૬નાં રોજ નોંધાવેલ છે જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૯૭૬૭, તા.૨૨/૧૨/૨૦૧૫નાં રોજ થયેલ જે નોંધ તા.૨૫/૦૨/૨૦૧૬નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ ફેરફાર નોંધ નંબર ૯૨૯૮, તા.૨૭/૧૧/૨૦૧૪ નામંજુર થયેલ હોઇ જે નિર્ણયની સામે મે નાયબ કલેકટરશ્રી, સીટી પ્રાંત, સુરતને અપીલ અરજી કરતા તેઓએ તેમના હુકમ નંબર આરટીએસ/અપીલ નં. ૬૫/૨૦૧૮, તા.૧૦/૦૫/૨૦૧૮નાં રોજ નોંધ નંબર ૯૨૯૮ પ્રમાણીત કરતો હુકમ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૦૪૭૭, તા.૨૧/૦૫/૨૦૧૮નાં રોજ થયેલ જે નોંધ તા.૨૬/૦૬/૨૦૧૮નાં રોજ પ્રમાણીત થયેલ છે અમા સદર જમીન વિજયભાઇ મોંઘાભાઇની માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ

મજકુર જમીન અંગે મે. કલેકટર સાહેબશ્રી, સુરતનાં હુકમ નંબર આરટીએસ/ સ્યુમોટા/ મોટાવરાછા/ કેસ નં.૧૭/૨૦૧૮, તા.૦૬/૦૭/૨૦૧૯ નાં હુકમથી

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

મનાઇ હુકમ ઉઠાવી લીધેલ તથા મે. મામલતદારશ્રી, અડાજણનો સુધારા હુકમ નં. ઇ-ધરા/મોટાવરાછા/સુધારાહુકમ/વશી.૨૦૧૮, તા.૧૫/૧૦/૨૦૧૮નો હુકમ રદ કરેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૦૮૩૭, તા.૧૧/૦૭/૨૦૧૯નાં રોજ થયેલ જે નોંધ તા.૨૧/૦૮/૨૦૧૯નાં રોજ પ્રમાણીત થયેલ છે ત્યારબાદ સદરહુ જમીનનાં માલીકો વચ્ચે તા.૧૬/૦૮/૨૦૧૯ નાં રોજ કૌટુંબિક વહેંચણી કરતા સદર જમીન વિજયભાઇ મોંઘાભાઇ દેસાઇનાં હિસ્સે આવેલ જે અંગેનો રજીસ્ટર વહેંચણી કરાર મે. સુરતનાં સબ-રજી સાહેબશ્રી રાદેરની કચેરીમાં અનુક્રમ નંબર ૪૪૫, તા.૧૬/૦૮/૨૦૧૯નાં રોજ નોંધાવેલ છે

ત્યારબાદ સદરહુ બ્લોક નંબર ૨૭૩ જેને લાગુ ટી.પી.સ્કીમ નંબર ૨૪ નાં ફાઇનલ પ્લોટ નંબર ૧૩૦ વાળી ૧૩૧૪૬ ચોરસ મીટર જમીનમાં સુરત મહાનગર પાલીકાનાં હુકમ નંબર SMC/ 26-06-2019/ 1239287/ 01/ 006390, તા.૨૩/૦૮/૨૦૧૯ થી સદર જમીનમાં ચાર સબ-પ્લોટ મંજુર કરવામાં આવેલ જે પૈકી સબ-પ્લોટ નંબર ૨ વાળી ૩૦૬૩.૩૬ ચોરસ મીટર બિનખેતીનાં મલ્ટીપલ હેતુમાટે ગણોતધારાની કલમ ૬૩ અન્વયે ખરીદ કરવા અંગે અમો બીજાપક્ષનાંએ કરેલ અરજીનાં અનુસંધાનમાં મે. કલેકટરશ્રી, સુરતસીટી પ્રાંત સાહેબે તેમના હુકમ નંબર એડીએમ/ગ.ધા.ક. ૬૩/ વશી.૧૪૪૩/૨૦૧૯ રજી નં.૩૧/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯નાં રોજથી એસ.એસ.એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢી યાને અમો બીજાપક્ષનાંને ખરીદ કરવાની પરવાનગી આપેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૦૮૬૫, તા.૩૦/૦૭/૨૦૧૯નાં રોજ થયેલ જે નોંધ તા.૨૫/૦૨/૨૦૧૬નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક વિજયભાઇ મોંઘાભાઇ દેસાઇ પાસેથી સદર જમીન એસ.એસ. એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સુરતનાં (રાંદેર) સબ-રજી. સાહેબની કચેરીમાં **અનુક્રમ નંબર ૪૬૬, તા.૨૭/૦૮/૨૦૧૯** થી નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડનાં ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૦૯૬૪, તા.૩૧/૦૮/૨૦૧૯ નાં રોજ થયેલ જે નોંધ તા.૧૫/૧૦/૨૦૧૯નાં રોજ પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદર જમીનને બિનખેતી કરવા કરેલ અરજીનાં અનુસંધાનમાં મે. કલેકટર સાહેબશ્રી સુરતનાં હુકમ ક્રમાંક ૫૧૪/૨૨/૧૬/૦૩૮/૨૦૨૦ તા.૨૧/૦૩/૨૦૨૦ નાં રોજ બિનખેતીની પરવાનગી આપેલ છે જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમૂના નંબર ૬ માં નોંધ નંબર ૧૧૧૯૭, તા.૨૧/૦૩/૨૦૨૦નાં રોજ થયેલ જે નોંધ તા.૦૭/૦૫/૨૦૨૦ નાં રોજ પ્રમાણીત થયેલ છે મજકુર જમીન અંગે તેમના માલીકોએ બાંધકામ પરવાનગી માટે કરેલ અરજીનાં અનુસંધાનમાં સુરત મહાનગર પાલીકાએ તેમના હુકમ નંબર ટી.ડી.ઓ./ડીપી/નંબર ૧૨૭, તા.૦૮/૦૩/૨૦૨૧ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

એ રીતનાં ટાઇટલ વાળી મજકુર જમીનમાં ઉપરોકત પરવાનગીઓનાં આધારે અમો બીજાપક્ષનાં યાને એસ.એસ. એન્ટરપ્રાઇઝ ભાગીદારી પેઢીએ અલગ અલગ બિલ્ડીગોનું બાંધકામ કરેલું જે પૈકી શિડયુલમાં વિસ્તૃત રીતે જણાવેલ મિલ્કતનાં વેચાણ અંગે વાતચીત કરતા તમો પ્રથમ પક્ષનાંએ વેચાણ રાખવાની ઇચ્છા દર્શાવી હોઇ તેની બજારકિંમત મુજબ અવેજનાં કુલ નાણાં ₹ ૦૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા

હજાર પુરા તમોએ હમોને આજદિન સુધીમાં હિસાબ ચુકતે નીચેની વિગતે ચુકવી આપેલ છે.

<u>અવેજની વિગત</u>

રકમ ₹	ચેક નંબર/ ડીડી નંબર	તારીખ	બેંકનું નામ

ઉપર મુજબનાં અવેજનાં નાણાં અમોને મળી ગયેલા જાહેર કરી તેની આથી હમો પહોંચ સ્વીકારીએ છીએ જેથી ભવિષ્યમાં અવેજ અપુરતો મળ્યાની કે નહી મળ્યાની હમારી કોઇ તર-તકરાર ચાલે નહી અને જો કરવામાં આવે તો આથી રદબાતલ થાય સહી.

મજકુર મિલ્કત તમારા કબજા ભોગવટા વહીવટમાં માલિકીહક્કે સુપ્રત કરી છે એટલે હવે કબજા સંબંધી કે માલિકીહક્ક સંબંધી હમારો કે હમારા વંશવાલી વારસોનો કે કોઇનો કોઇપણ જાતનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત, સંબંધ વિગેરે રહ્યા નથી અને જે કાંઇ રાઇટ ટાઇટલ ઇન્ટરેસ્ટ હતાં તે તમામ તમારા લાભમાં આથી છોડી દીધા છે. માટે હવેથી તે મિલ્કત ઉપર જાતે વસો-વસાવો કે ગીરો, બક્ષીસ કરો યા વેચાણ કરો યા તમારૂ દિલ ચાહે તેવો વ્યવહાર કરો-કરાવો તો તેમ કરવા તમો માલિક મુખત્યાર થયા છો સહી અને તેમા મારો કે મારા વંશવાલી વારસોને કે અન્ય કોઇનો કોઇપણ જાતની તર-તકરાર વાંધો હરકત ચાલે નહી અને જો કરવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

મજકુર મિલ્કતનો ઉપયોગ રહેણાંકનાં હેતુ માટે જ કરવાનો છે તે સિવાયનાં વ્યાપાર, ધંધા યા ઓફિસ માટે કોઇપણ સંજોગોમાં ઉપયોગ કરવાનો રહેશે નહી તથા મજકુર ફલેટ વાળી મિલ્કતમાં કોઇપણ પ્રકારનું ઉત્પાદન થઇ શકે તેવી કોઇપણ પ્રકારની મશીનરી ગોઠવવાની રહેશે નહી યા વાઇબ્રેશન થાય તેવી કોઇપણ પ્રકારની મશીનરી ગોઠવવાની રહેશે નહી ફલેટમાં પ્લમ્બીગને લગતુ તમામ કામ ચેક કરેલ છે, જેવુ કે નળ ફીટીગ, ડ્રેનેજ લાઇન, કીચન વોશ એરીયા વિગેરે કોઇપણ જગ્યાએ લીકેજ નથી ફલેટની અંદર ટાઇલ્સ ફીટીગ, બાથરૂમ, ટોઇલેટ, વોશ, બાલ્કની,

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

કિચન, ફલોરીગ, ચોકઠા સીલ, બારીના સીલ, ટાઇલ્સ અને મારબલને લગતુ તમામ કામ બરાબર છે જે તમોએ ચેક કરેલ છે તથા ઇલેકટ્રીક ફીટીગ, સ્વીચ બોર્ડ, તમામ પોઇન્ટ અને વાયરીગને લગતુ તમામ કામ ચેક કરેલ છે એલ્યુમિનિયમ સેકશન તથા ગ્લાસ વિન્ડો ફલેટની તમામ જગ્યાએ ચેક કરેલ છે જે બરાબર છે બીરલા પુટ્ટી, કલરને લગતા તમામ પ્રકારનું કામ ચેક કરેલ છે જે ફલેટમાં બરોબર છે ફલેટની અંદરનાં તમામ પ્રકારના કામ ઓર્ગેનાઇઝર તરફથી પુર્ણ કરવામાં આવેલ છે તમોએ નાનામાં નાની ચીજ વસ્તુ ઝીણવટપૂર્વક ચેક કરેલ છે તે સંપુર્ણ રીતે બરોબર છે.

હવે પછી (પઝેશન બાદ) ફલેટમાં કોઇપણ પ્રકારનું રીપેરીગ કામ તમો ફલેટ હોલ્ડરે સ્વખર્ચે કરવાનું રહેશે જેમા ઓર્ગેનાઇઝરની કોઇ જવાબદારી રહેતી નથી કોઇપણ ફલેટ માલીક પ્લમ્બીગની લાઇનમાં ફેરફાર કરી શકશે નહી અને કોલમ કે બીમમાં કોઇપણ પ્રકારના હોલ કરવાના નથી ફલેટ માલીકે કબજો મળ્યા પછી પોતાના ફલેટનું રીપેરીગ દરમ્યાન આજુ-બાજુનાં અથવા ઉપર-નીચેનાં ફલેટ તથા બિલ્ડીગને કોઇપણ પ્રકારનું નુકશાન થશે તો તેની જવાબદારી ગણાશે તથા રીપેરીગનો તમામ ખર્ચો તેમણે ભોગવવાનો રહેશે જે તે ફલેટ હોલ્ડર્સને ફલેટમાં ગ્રીલ લગાવવી હોઇ તો ઓર્ગેનાઇઝર દ્વારા પસંદ કરવામાં આવેલ ડીઝાઇન પ્રમાણે જ નાખવાની રહેશે આમ ન કરવામાં આવે તો તે ગ્રીલ કાઢવી પડશે ઓર્ગેનાઇઝર દ્વારા આપવામાં આવેલ કોમન જનરેટરનો નિભાવખર્ચ તમામ ફલેટ હોલ્ડર્સએ સાથે મળી ભોગવવાનો રહેશે ઓર્ગેનાઇઝર દ્વારા આપવામાં આવેલ લીફટની સુવિધા તમોએ ચેક કરેલ છે જે બરોબર છે આજ પછી લીફટને લગતા મેન્ટેનન્સ તથા રીપેરીગ ખર્ચ જે તે બિલ્ડીગનાં સભ્યોએ ભોગવવાનો રહેશે.

સદર રેસીડન્સીનાં ગેટની અંદર આવેલ રોડ-રસ્તા, પાર્કીગ તથા દાદર તથા ટેરેસ ઉપર આવેલ પાણીની ટાંકી હમોએ ચેક કરેલ છે જે બરાબર છે આજ પછી તેનું કોઇપણ રીપેરીગ કામ કરવાનું થાય તો તે જેતે બિલ્ડીગનાં સભ્યોએ કરવાનું રહેશે સૌદર્ય સ્કાયમાં બતાવવામાં આવેલી તમામ પ્રકારની સુવિધાઓ ફલેટ હોલ્ડર્સને મળી ગયેલી છે તે સુવિધાઓ ઉપરાંત વધારાની સુવિધાઓ તમોએ કે તમારા વંશ-વાલી, વારસોએ ઓર્ગેનાઇઝર પાસે માંગવાની નથી કે તે બાબતે કોઇપણ જાતના તર-તકરાર કે વાંધા-વિરોધ કે દાવા-દુવી ઓર્ગેનાઇઝર વિરૂધ્ધ કરવાનાં નથી આમ છતા જો કરવા-કરાવવામાં આવે તો તે આ દસ્તાવેજની રૂએ રદબાતલ ગણાય સૌદર્ય સ્કાયમાં ભવિષ્યમાં વહીવટ માટે સભ્યની કમિટ નિમણુક થયા પછી ઓર્ગેનાઇઝરના વેચાણમાં બાકી રહેલા ફલેટોનું કોઇપણ જાતનું મેન્ટેન્સ તેમજ ટ્રાન્સફર ફી પેટેની કોઇપણ રકમની ઓર્ગેનાઇઝર પાસેથી માંગણી કરી શકાશે નહી.

મજકુર મિલ્કતની આ પહેલા હમોએ કોઇપણ સાથે લેખિત કે મૌખિક કરારથી કાંઇપણ વ્યવસ્થા કરી-કરાવી નથી કે તે મિલ્કત અંગે કોઇપણ દાવાદૂવી થયા નથી કે કોઇનો ભરણપોષણ, રહેઠાણ વિગેરેનો હક્ક નથી કે કોઇના દાવામાં કે હુકમનામામાં, બોજામાં કે ટાંચમાં નથી કે જપ્તિમાં લેવામાં આવેલ નથી કે કોઇ સહકારી મંડળીમાં કરજ કરી તારણમાં મુકી નાણાં ઉપાડયા નથી.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

મજકુર મિલ્કતને કોઇપણ સંસ્થામાં જામીનગીરીમાં બતાવી નથી કે તે મિલ્કતનું ટ્રસ્ટ કે સેટલમેન્ટ કર્યુ નથી કે સરકારી, અર્ધસરકારી ખાતાનો કોઇ બોજો યા લેણું નથી કે કોઇ ખાતા તરફથી સંપાદન કરવાની કોઇ નોટીસ મળેલ નથી અને ચોખ્ખા મારકેટેબલ ટાઇટલવાળી, નબોજી, નકરજી, નજોખમી એ મિલ્કત હતી અને છે. તેવી ખાત્રી અને વિશ્વાસ તમોને આપવાથી તે ઉપર આધાર રાખી તેનો કિંમતી અવેજ આપી તમોએ મજકુર મિલ્કત ખરીદ કરેલ છે.

આમ છતાં મારા તરફે કોઇ હક્કદાર, દાવેદાર, ગીરોદાર, હક્ક હિસ્સો ધરાવનાર નીકળી આવે તો તથા તમોને કાંઇપણ લાગભાગ, હક્ક, હિત, સંબંધ બતાવે તો તે તમામ આ દસ્તાવેજથી રદબાતલ થાય સહી એટલું જ નહી પણ તેની તથા તમારા આ રૂપિયાનો સઘળાનો જવાબ હમો બીજા પક્ષનાએ તથા હમારા વંશવાલી વારસો એ હમારા ખર્ચે આપી તેની સફાઇ કરી આપવી સહી અને વાંધો કે હરકત દૂર કરી આપવા સહી.

મજકુર મિલ્કત સરકારી, અર્ધ-સરકારી તથા અન્ય લાગતા વળગતા દફતરે હમારા નામે ચાલે છે તે નામેથી કમી કરી તમારા નામે કરવામાં જોઇતી સહી, સંમતિ, કબૂલાત મારે આપવાની છે અગર આ દસ્તાવેજથી તેવી કબૂલાત મારી ગણી લઇને તમો બારોબાર તમારા નામે ચઢાવી શકો સહી. એ મિલ્કતને લગતા કબજો સુપ્રતકરતા સુધીનાં ટેક્ષ, શિક્ષણવેરો, મહેસૂલ તથા વિશેષધારો વગેરે હમોએ ભરપાઇ કરેલ છે અને કબજો સુપ્રતકર્યા પછીનાં તેવા તમામ ટેક્ષ તથા સરકાર દ્વારા નિયત કરવામાં આવતા અન્ય ટેક્ષ તમો વેચાણ લેનારે ભરવાના રહેશે સહી.

મજકુર મિલ્કત આખી મિલ્કતનો એક ભાગ હોઇ વહીવટી ખર્ચ તથા કોમન વપરાશના રિપેરીગ ખર્ચ વગેરે જે આવે તેનો ફાળે પડતો હિસ્સો તમો પ્રથમ પક્ષનાએ આપવાનો રહેશે તથા સદર ઇમારતમાં વહીવટી, દેખરેખ અને જાળવણી માટે જો કોઇ એસોસીએશન કે સર્વીસ સોસાયટી બનાવે તો તેમા દરેક ફલેટ હોલ્ડર્સએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે તથા તેની રચના કરવા અંગે જે કંઇ ખર્ચ થાય તે તમામ ફલેટ હોલ્ડર્સએ સાથે મળીને ચુકવવાનાં રહેશે તથા સોસાયટી દ્વારા ઘડવામાં આવતા મેન્ટેનન્સનાં ખર્ચની રકમ નિયમીત રીતે તમો પ્રથમપક્ષનાંએ ભરપાઇ કરવાની રહેશે.

મજકુર તમોને વેચાણ આપેલ મિલ્કત અંગે લે-આઉટમાં જણાવ્યા પ્રમાણે જે રસ્તાઓ મુકેલા છે તે વાટે ટેલીફોન તથા ઇલે.મીટરના દોરડાં, કેબલ, વાયર, પાણીનાં પાઇપ, ગટરનાં ભૂંગળા, વાહનો વિગેરે લાવવા લઇ જવાનો તથા રાસુકા વપરાશનો હક્ક દરેક હોલ્ડરોને છે તેવો હક્ક તમોને પણ આપ્યો છે તથા ટેરેસનો ઉપયોગ તમામ ફલેટ હોલ્ડર્સએ સાથે મળીને કરવાનો છે તથા ભોંતળીયે આવેલ પાર્કીગ તથા અંડર ગ્રાઉન્ડ પાકીગનો વપરાશ તમામ હોલ્ડર્સએ રાસુકા કરવાનો રહેશે જે રાસુકા વપરાશની જગ્યાઓનાં હક્કો અમો બીજાપક્ષનાંને અન્ય કોઇને વેચાણ આપવાનાં નથી જેથી ભવિષ્યમાં બી.યુ. પરમિશન મેળવ્યા બાદ વધારાની એફએસઆઇ, કોમન એરીયા, પાર્કીગ, ધાબા વિગેરે વણ-વહેચાયેલ સહિયારા વપરાશની જગ્યાઓમાં બિલ્ડરનો હકક-

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

હિસ્સો રહેતો નથી તેનો તમામ હકક સોસાયટીના સભ્યો કે સોસાયટીનાં એશોસીયેશન નો રહેશે.

મજકુર મિલ્કતમાં આર. સી. સી., બીમ તથા કોલમમાં ફેરફાર કરવાનો તેમજ બાલ્કનીમાં ફેરફાર કરવાનો પ્રથમ પક્ષનાંને કોઇ હક્ક આપવામાં આવેલ નથી તથા મજકુર બિલ્ડીગમાં કે બાલ્કનીનાં કલરમાં સંયુકત ફલેટ હોલ્ડરો મળીને ફેરફાર કરી શકશે કોઇપણ એક ફલેટ હોલ્ડર એકલા તેવો ફેરફાર કરી શકશે નહી તથા ચોપગા પાલતુ પ્રાણી કે પક્ષી પાળી શકાશે નહી સદરહુ બિલ્ડીગનાં દર્શનમાં કોઇ સંજોગોમાં ફેરફાર કરવાનો નથી તથા સોસાયટીનું નામ સૌદર્ય સ્કાય જ રાખવાનું રહેશે જે નામમાં ભવિષ્યમાં કોઇપણ જાતનો ફેરફાર કરવાનો નથી. સોસાયટીના ટ્રાન્સફર ફી અમો બહારની વ્યકિતને વેચાણ આપીને દસ્તાવેજ થયેલ હશે તેની ટ્રાન્સફર ફી લેવાનો હક્ક સોસાયટીને આપવામાં આવેલ છે.

સદરહુ જમીનમાં આવેલ બહુમાળી ઇમારતોમાં આવેલ બગીચા તથા લાઇટો, લીફટ તથા ફાયર સેફટીની સુવિધાઓ આપેલ છે જેમા ભવિષ્યમાં તમો પ્રથમપક્ષના તથા અન્ય ફલેટ હોલ્ડર્સ સાથે મળીને બનાવવામાં આવેલ એસોસિએશને કોઇપણ જાતનો ફેરફાર કરવાનો રહેશે નહી તથા સદરહુ બગીચો, બગીચાની લાઇટો, રોડની સ્ટ્રીટ લાઇટો, લીફટ તથા ફાયર સેફટી વિગેરે તમામનો નિભાવખર્ચ તમો પહેલા પક્ષનાએ અન્ય ફલેટ હોલ્ડર્સ સાથે રાસુકો ભરપાઇ કરવાનો રહેશે. મજકુર મિલ્કતમાં આપવામાં આવેલ સુવિધાઓ તમો પ્રથમ પક્ષનાંએ જોઇ તપાસીને લીધેલ છે જેથી ભવિષ્યમાં કોઇપણ જાતની વધારાની સુવિધાની માંગણી કે ફરીયાદ બિલ્ડર પાસે કરવાની રહેશે નહી જે તમામ બાબત તમો પ્રથમ પક્ષનાંને બંધનકર્તા રહેશે મજકુર તમો પ્રથમપક્ષનાંને વેચાણ આપેલ મિલ્કતનો કબજો સુપ્રત કર્યાથી છ માસ દરમ્યાન કોઇપણ પ્રકારનુ લીકેજ થાયતો તેનુ સમારકામ કરી કરાવી આપવાની જવાબદારી અમો બીજાપક્ષનાંની છે છ માસ બાદ કોઇપણ પ્રકારનાં લીકેજનુ રીપેરીગ જેતે ફલેટ હોલ્ડર્સએ તેમના સ્વખર્ચે અને જાતે કરાવવાનું રહેશે જે ફલેટમાંથી લીકેજ થતુ હોઇ તે ફલેટ હોલ્ડર્સએ રીપેરીગ ખર્ચ ભોગવવાનો રહેશે તથા ટેરેસ માંથી લીકેજ હોઇ તેવા સંજોગોમાં ઇમારતનાં તમામ ફલેટ હોલ્ડર્સઓએ સહીયારી રીતે તે લીકેજનું સમારકામ, રીપેરીગ કામ રાસુકા કરવાનુ રહેશે.

સદરહુ યોજના રેરા એકટ હેઠળ રજીસ્ટ્રેશન થયેલ છે જેનો રજીસ્ટર નંબર , તા. છે જેની કોપી આ દસ્તાવેજમાં સામેલ છે ખરીદનારની માંગ ઉપર ડેવલોપર્સએ ખરીદનારને જમીનમાં ટાઇટલ ડોકયુમેન્ટસ, એપ્રુલ પ્લાન, ડિઝાઇન અને સ્પેસીફીકેશન જે આર્કિટેક શ્રી મનસુખલાલ બચુભાઇ કેલાવાલા દ્વારા બનાવવામાં આવેલ છે અને બીજા તમામ ડોકયુમેન્ટ જે રેરા એકટ ૨૦૧૬ માં બતાવવામાં આવેલ છે તે તમામ ડોકયુમેન્ટ તથા સદર જમીનનાં ટાઇટલ બાબતનાં તમામ પેપર તમો ખરીદનારે જોઇ તપાસી લીધેલ છે.

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

મજકુર યોજનામાં પહેલા પક્ષના તથા બીજા પક્ષના દ્વારા કરવામાં આવેલ વેચાણનો વિશેષ અમલ કરવામાં કોઇ તકરાર અથવા શરતોને ફેરફાર થાય અને તે સમાધાનપુર્વક અંત આવે તે રીતે વર્તવાનું રહેશે. પરંતુ કોઇ સંજોગોમાં તકરારનો અંત ન આવે તો રેરા ઓથોરીટી એક્ટ ૨૦૧૬ ની જોગાવઇ મુજબ અમલ કરવાનો રહેશે વધુમાં

ફ્લેટ નંબરઃ- એ/૦૦૦, સૌદર્ય સ્કાય, મોટાવરાછા, સુરત.

<u>ખરીદનારઃ-</u> **<u>વેચનારઃ-</u>**

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

બંને પક્ષકારો વચ્ચે થયેલ રેરાના નિતી-નિયમો તથા અધિનિયમો હાલના પ્રવર્તમાન કાયદા મુજબ અમલમાં હોય તથા ભવિષ્યમાં મજકુર કાયદામાં કોઇ પ્રકારના સુધારા વધારા કરવામાં આવે તે મુજબ અમલ કરવાનો રહેશે તથા રેરા અધિનિયમની જોગવાઇઓ વિરૂધ્ધનની શરતો રદબાતલ ગણાશે

આ સમજુતીની કોઇ જોગાવઇ, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા બીજા લાગુ પડતા કાયદા હેઠળ રદ કરવાનુ અથવા બિન-અમલપાત્ર કરવાનુ નક્કી કરવામાં આવે, તો સમજુતીની આવી જોગવાઇઓ આ સમજુતીના હેતુ સાથે જેટલા પ્રમાણમાં વ્યાજબી રીતે અસંગત હોઇ તેટલા પ્રમાણમાં અને અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો અથવા યથાપ્રસંગ લાગુ પડતા કાયદાને અનુરૂપ કરવા માટે જેટલા પ્રમાણમાં જરૂરી હોઇ તેટલા પ્રમાણમાં સુધારેલી અથવા રદ કરેલી હોવાનુ જણાશે અને આ સમજુતીની બાકીની જોગવાઇઓ આ સમજુતી કરવાના સમયે જે રીતે લાગુ પડતી હોઇ તે જ રીતે કાયદેસર અને પ્રર્વતમાન રહેશે.

આ દસ્તાવેજ સરકારશ્રીએ નક્કી કરેલ બજાર કીમત મુજબ જનરલ સ્ટામ્પ વાપરીને કરવામાં આવેલ છે જેથી તેની હાલની બજાર કીમત મુજબ બરોબર છે આ વેચાણ દસ્તાવેજને લગતા તમામ ખર્ચ જેવાકે સ્ટામ્પ, રજીસ્ટ્રેશન ફી, લખાઇ ફી, ટાઇપીગ ખર્ચ વગેરે તમો ખરીદનારે ભોગવેલ છે અને હવે પછીની તેની તમામ જવાબદારી તમો ખરીદનારની રહેશે તથા સ્ટેમ્પ ડયુટી અંગેની જવાબદારી પણ તમો પ્રથમ પક્ષનાની રહેશે.

<u>શિડ્યુલ</u>
<u>વેચાણ આપેલ મિલ્કતની વિગત</u>

સુરત ડીસ્ટ્રીકટ, સીટી (અડાજણ) સબ-ડીસ્ટ્રીકટ, **મોજે મોટા વરાછાનાં** રેવન્યુ સર્વે નંબર ૩૦૨,૩૦૩ તથા ૩૦૮ નાં **બ્લોક નંબર ૨૭૩** વાળી ૨૦૨૩૨ ચો.મી. જમીન જેને લાગુ **ટી.પી.સ્કીમ નંબર ૨૪ (મોટા વરાછા-ઉત્રાણ)** નાં **ફાઇનલ પ્લોટ નંબર ૧૩૦** થી નોંધાયેલ ૧૩૧૪૬ ચો.મી. વાળી જમીન પૈકી **સબ-પ્લોટ નંબર ૨** વાળી રહેણાંક હેતુની બીનખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ ૩૦૬૩.૩૬ ચો.મી.માં બાંધવામાં આવેલ **"સૌદર્ય સ્કાય"** નામની ઇમારતો પૈકી **બિલ્ડીગ નંબર એ** નાં **પ્રથમમાળ** ઉપર આવેલ **ફલેટ નંબર ૦૦૦** થી નોંધાયેલ મિલ્કત જેનું **કાર્પેટ એરીયાનું ક્ષેત્રફળ .... ચો.મી.** જેનું બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ **૦૦.૦૦ ચોરસ મીટર** છે જેમા **બાલ્કની એરીયા ..... ચો.મી.** તથા **વોશ એરીયા ...... ચો.મી.** નો સમાવેશ થયેલ છે તથા ઓપન ટેરેસ એરીયા ....ચો.મી. સહિત મજકુર મિલ્કત તળ જમીનમાં ફાળે પડતા વણવહેંચાયેલ હિસ્સા ની **૦૦.૦૦ ચોરસ મીટર** જમીન સહિત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ રાસુકા વપરાશના હક્કો સહિત કુલ્લે દરોબસ્ત. જે આખી યોજનાની ચતુર્દિશા નીચે મુજબ છે

પૂર્વે :- લાગુ સબ-પ્લોટ નંબર ૪
પશ્ચિમે :- લાગુ રસ્તો

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

ઉત્તરે :- લાગુ સબ-પ્લોટ નંબર ૧
દક્ષિણે :- લાગુ સબ-પ્લોટ નંબર ૩

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમોએ હમારી રાજીખુશીથી અક્કલ હોશીયારીમાં વાંચી, વંચાવી, સાંભળી, સમજીને, કોઇના કોઇપણ જાતના દાબ દબાણ વિના, ધાકધમકી વિના તન મનની સાવધ અવસ્થામાં તમો પહેલા પક્ષનાને કરી આપેલ છે, જે હમોને તથા હમારા વંશવાલી, વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે--------------------------------મતુ, તત્રે-------------------------------શાખ
એસ.એસ.એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીનાં
વહીવટકર્તા ભાગીદાર તરીકે
શ્રી વિવેક અરવિંદભાઇ ચોડવડીયા

------------------------------------ ------------------------------------

------------------------------------ ------------------------------------

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

વેચનાર:-

એસ.એસ.એન્ટરપ્રાઇઝ એક ભાગીદારી પેઢીનાં
વહીવટકર્તા ભાગીદાર તરીકે
શ્રી વિવેક અરવિંદભાઇ ચોડવડીયા

ખરીદનાર:-

(૧) શ્રીમતી

(૨) શ્રી

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફલેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	

// પરીશીષ્ટ //

નોંધણી અધિનિયમ-૧૯૦૮ની કલમ-૩૪ની પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ.

અ.નં.	પ્રશ્ન	જવાબ
૧	તબદિલી લેખમાં જણાવેલ વિગતોનું વર્ણન મુજબ મોજે **ગામ મોટાવરાછા** ના રેવન્યુ સર્વે નંબર ૩૦૨, ૩૦૩ તથા ૩૦૮ જેનો **બ્લોક નંબર ૨૭૩** જેને લાગુ **ટી.પી.સ્કીમ નંબર ૨૪ (મોટાવરાછા-ઉત્રાણ)** નાં **ફાઇનલ પ્લોટ નંબર ૧૩૦** વાળી જમીનમાં પાડવામાં આવેલ જુદા જુદા સબ- પ્લોટો પૈકી **સબ-પ્લોટ નંબર ૨,** વાળી બિનખેતીની જમીનમાં રહેણાંકનાં હેતુ માટે આયોજીત **"સૌંદર્ય સ્કાય"** માં આવેલ **ફ્લેટ નંબર એ/૦૦૦** થી નોંધાયેલ મિલ્કત જેનું બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ **૦૦.૦૦ ચોરસ મીટર** તમોએ વેચાણ કરેલ છે કે કેમ?	હા
૨	તબદિલીનાં લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને સમજી વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો?	હા
૩	તબદિલી લેખમાં જણાવેલ વિગતે વેચાણ અવેજની રકમ તમોને મળેલ છે?	હા
૪	તબદિલી લેખમાં વેચાણ આપનાર તરીકે તમે જાતે હોવા બાબતે તમને આળખે તેવી વ્યકિતઓ લાવ્યા છો?	હા
ઓળખ આપનારને પુછવાનાં પ્રશ્નો:-		
૧	દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો?	હા
૨	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે?	હા
૩	કોઇ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો?	હા

વેચાણ આપનારની સહી:-

ઓળખાણ આપનારની સહી:-

સહી
સબ રજીસ્ટ્રાર

દસ્તાવેજનો પ્રકાર	ગામનું નામ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફાઇનલ પ્લોટ નંબર	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ ચો.મી.
વેચાણ	મોટાવરાછા	૨૭૩	૨૪	૧૩૦	એ/૦૦૦	